**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૪ ટકા ● સાંજે ૨૧ ટકા

# વોર્ડ નંબર-૩માં ભાજપાના જનસંપર્ક કાર્યાલયનું ઉદ્‌ઘાટન



ગાંધીનગર, તા. ૧૪
ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, પ્રદેશ ભાજપા અધ્યક્ષ સી.આર.પાટીલની સૂચના અનુસાર તેમજ શહેર ભાજપ પ્રમુખશ્રી ઋચિર ભટ્ટના માર્ગદર્શન હેઠળ ભાજપાના વોર્ડ સઃ જનસંપર્ક કાર્યાલયનો શુભારંભ કરવાનું કાર્ય મહાનગરમાં થઈ રહ્યું છે. આજે તા. ૧૪ માર્ચ, રવિવારના રોજ મહાનગરના નવા સીમાંકન મુજબ બનેલા વોર્ડ ન. ૩નાભાજપા સંગઠન તેમજ કોર્પોરેટરોના જનસંપર્ક કાર્યાલયનું વોર્ડ ૩ ના પ્રમુખ શ્રી ઉમેશભાઈ જહાંના હસ્તે સેક્ટર ૨૭ ખાતે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શહેર ભાજપાના મહામંત્રીઓ કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ગૌરાંગભાઈ પટેલ, ઉપપ્રમુખઓ ઉરેનભાઈ પટેલ, ફાલ્ગુનભાઈ વોરા, વોર્ડના પ્રભારી મહિપતભાઈ મિસ્ત્રી, કોર્પોરેટરશ્રી બરખાબેન જહા, પ્રવિણાબેન દરજી, વોર્ડ નં. ૩ ના મહામંત્રીઓ વિજયભાઈ શાહ, અજયસિંહ સહિત અગ્રણીશ્રીઓ તેમજ કાર્યકર્તાઓ અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.

# સંસ્કૃત ભારતી ગાંધીનગર જિલ્લાનું સંસ્કૃત સંમેલન યોજાયું



ગાંધીનગર, તા. ૧૪
આ સંમેલનમાં મુખ્ય અતિથિ રૂપે શ્રી કે. જી. વણઝારા (પૂર્વ અધિક સચિવ ગુજરાત સરકાર અને વરિષ્ઠ અધિવક્તા સર્વોચ્ચ ન્યાયાલય) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આ દેશને જો કોઈ બચાવી શકે તો તે માત્ર સંસ્કૃત ભાષા જ બચાવી શકશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે જો આજના બાળકોને કાર્ટૂનના માધ્યમ દ્વારા સંસ્કૃત ભાષા શીખવવામાં આવે તો ચોક્કસપણે સંસ્કૃત ભાષાનો પ્રચાર અને પ્રસાર વધશે.

કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રી ભાવિન પાઠક કે જેઓ સંસ્કૃતભારતી ગુજરાત પ્રાંતના શિક્ષણ પ્રમુખની જવાબદારી નિભાવે છે તેઓએ શાળેય શિક્ષણથી જ સંસ્કૃત ભાષાને ફરજિયાત બનાવવાની વાત પર ભાર મૂક્યો હતો.

અંતમાં ગાંધીનગરના વિદુષી ડૉક્ટર યોગીનિબેન વ્યાસે તેમની આગવી શૈલીમાં સંસ્કૃત ભાષા, તેના સાહિત્ય અને તેની વિશેષતાઓને સંસ્કૃત પ્રેમીઓ સમક્ષ રજૂ કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્કૃત ભારતી ગાંધીનગર જિલ્લા સંયોજક હિમાંશુ પંડ્યા અને વિભાગ સંયોજક ભાવપ્રકાશ ગાંધી દ્વારા કરવામાં આવ્યું હતું.

# સેકટર-૫ સીએનજી પંપ પાસેથી વરલીનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર,તા.૧૪
ગાંધીનગર શહેરના સેકટર-૫ સીએનજી પંપ પાસે ખુલ્લી જગ્યામાં વરલીનો જુગાર રમાડતો શખ્સ સેકટર-૭ પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે શખ્સ પાસેથી રૂ.૧૬,૫૦૦ રોકડા તેમજ રૂ.૫ હજારનો મોબાઈલ ફોન જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગમા હતા તે સમયે બાતમી મળી હતી કે સેકટર-૨૨ વાસ્તુ નિર્માણ સોસાયટી પ્લોટ નં.૬૪૦ ખાતે રહેતો જીગ્નેશ ઉર્ફે ભોપો શરદચંદ્ર રાજદિપ સેકટર-૫ પંપ પાસે વરલીનો જુગાર રમાડે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા જીગ્નેશ બાંકડા પર બેઠો હતો અને ફોનમાં કંઈક કરતો હતો. પોલીસે તેને કોર્ડન કરી પકડી પાડીને તેનો ફોન ચેક કરતા તેમાંથી વરલી મટકાના આંકડા લખેલા મળી આવ્યા હતા.તેણે બાલુભાઈ અને રાજુભાઈ ના નંબર પર વરલીના આંક મોકલ્યા હતા. આરોપીએ રાજુ પાસે વલણ કપાવતા હોવાની કબુલાત કરી હતી. જેથી પોલીસે બે શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



**મહાશિવરાત્રીના દિવસે રહેગામ તાલુકામાં અન્નદાન**

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાનાં દેવકરણ મુકામે ૩ ગામનાં ૮૫ લાભાર્થીઓને ૨ કિ.ગ્રા. ચોખા, વાંચવાનાં ચશ્મા વિગેરેનું વિતરણ મહાશિવરાત્રીનાં પવિત્ર દિવસે કરવામાં આવ્યું હતું. ભાટાઈમાં ૬ લાભાર્થી આવરી લીધા હતા. પ્રદિપભાઈ વોરા, ડૉ. અતુલ પંડ્યા, પ્લાક્ષા તથા જયેષ્ઠા સાથે હતા. મિલિન્દ ગુપ્તે, વિપુલ વસાવા પણ જોડાયા હતા.

# સેકટર-૨૭ પોલીસ લાઈનમાંથી કોન્સ્ટેબલનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૪
ગાંધીનગર શહેર પોલીસ હેડ કવાર્ટર ખાતે ફરજ બજાવતા કોન્સ્ટેબલનો મૃતદેહ તેમના ઘરમાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી છે. મકાનમાંથી અસહ્ય દુર્ગંધ મારતા પાડોશીઓએ કંટ્રોલ રૂમ ખાતે ફોન કરી પોલીસ બોલાવી હતી. પોલીસે ઘરના દરવાજો તોડીને અંદર તપાસ કરતા ખાટલામાં કોન્સ્ટેબલનો મૃતદેહ પડ્યો હતો. જયારે શિવરાત્રીના દિવસે કોન્સ્ટેબલ દેખાયા હતા. ત્યારબાદ ઘરનો દરવાજો બંધ હતો, કયાં કારણોસર કોન્સ્ટેબલનું મૃત્યુ થયું તે જાણવા માટે પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

મુળ મહિસાગર જિલ્લાના લુણાવાડાના ગરાસીયા ગામના વતની અને હાલ સેકટર-૨૭ પોલીસ હેડ કવાર્ટર ખાતે બ્લોક નં. ૭-૭૪ માં રહેતા કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ રામસિંહ પુવાર (ઉં.૪૫) નો મૃતદેહ તેમના મકાનમાંથી મળી આવ્યો હતો. પોલીસ કોન્સ્ટેબલના ઘરમાંથી અસહ્ય દુર્ગંધ આવતા આસપાસ રહેતા નાગરીકોએ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. ત્યારબાદ ઘરના દરવાજો તોડીને પોલીસે અંદર તપાસ કરતા રૂમમાં ખાટલામાંથી મળી આવ્યો હતો. બનાવ અંગે જાણ કરતા પરિવારજનો પણ ગાંધીનગર દોડી આવ્યા હતા.

# સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરની વનસ્પતિ શાસ્ત્ર વિષયની વિદ્યાર્થીનીને ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયો



ગાંધીનગર, તા. ૧૪
સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ની વનસ્પતિ શાસ્ત્ર વિષયમાં અભ્યાસ કરતી કૂ. બ્રિલિશા જસપાલસિંહ જોધા એ ગુજરાત યુનિવર્સિટીની ટી. વાય. બીએસસી વર્ષ : ૨૦૨૦ પરીક્ષામાં પ્રથમ સ્થાને ઉત્તીણ થયેલ હતી. તા. ૧૩-૦૩-૨૦૨૧ના રોજ યોજાયેલ ગુજરાત યુનિવેર્સિટીના કોન્વોકેશનમાં તેમને જજશ્રી, સુપ્રીમ કોર્ટ, ડો. એમ. પી. શાહ ના હસ્તકે ગોલ્ડ મેડલ અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું. આ અદભૂત સિધ્ધી મેળવવા બદલ ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરશ્રી ડો. હિમાંશુ પંડ્યાએ અભિનંદન પાઠવેલ હતા. આ સાથે કોલેજની દીકરી કુ. બ્રિલિશા જોધા એ અભ્યાસ ક્ષેત્રે મેળવેલ સફળતા માટે સંસ્થાના આચાર્યશ્રી ડો. એમ. જી. ભટ્ટ , વનસ્પતિ શાસ્ત્રના વિષયના અધ્યાપકો તથા કોલેજ પરિવારે તેમને શાબાશી પાઠવેલ હતી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. દંતાતી અજયભાઈ પ્રહલાદભાઈ, ઉ.વ. ૩૫, પેથાપુર.
- સ્વ. ઠાકોર બચુજી શંકાજી ઉ.વ. ૭૨, બોરીજ
- સ્વ. શાહ પ્રકાશકુમાર રમણલાલ ઉ.વ. ૪૯, પેથાપુર
- સ્વ.ભીલ લાલાજી આદાજી ઉ.વ. ૨૭, સે-૨૪, ઈન્દિરાનગર
- સ્વ.રાઠોડ ગોવિંદભાઈ કાળાભાઈ ઉ.વ. ૬૦, ગિયોડ
- સ્વ.ઉપાધ્યાય ભગવતીબેન ગોવિંદભાઈ, ઉ.વ. ૮૬, સેકટર-૯

# વનવાસી બાળકોમાં શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન કરતો પાટનગરનો યુવાન

**વલસાડ જિલ્લાના સીમાવર્તી ડુંગરિયાળ વિસ્તારમાં ફરજ બજાવતા યુવા શિક્ષકે બાળકોને શિક્ષણ સાથે અનેક જીવનોપયોગી પાઠ ભણાવ્યા : શિક્ષકદાદાના સંસ્કારો અને પિતાના પ્રતિબદ્ધતાના ગુણો ધરાવતો આ યુવાન વનવાસી બાળકોના જીવનમાં પરિવર્તન લાવવા મહેનત કરી રહ્યો છે**




ગાંધીનગર, તા. ૧૪
આપણા જીવનમાં સંસ્કારોનું મહત્વ ખૂબ અગત્યનું હોય છે અને કદાચ એટલાં માટે જ ભારતીય સંસ્કૃતિમાં સંયુક્ત પરિવાર પ્રથા માંડીને ઋષિ ગુરૂકુળની શિક્ષણ પદ્ધતિમાં સંસ્કારો પર ખૂબ ભાર મુકવામાં આવતો હતો અને આજના યુગમાં પણ સમગ્ર શિક્ષણ વ્યવસ્થાનું મહત્વ વધતું રહ્યું છે. જો કે હજુ પણ એવા અંતરિયાળ વિસ્તારો છે જ્યાં વિષમ પરિસ્થિતિમાં રહેતા પરિવારોના બાળકો સુધી શિક્ષણની સુવિધા જોઈએ તેટલાં પ્રમાણમાં પહોંચી શકી નથી જેની સીધી અસર તે વિસ્તારના બાળકોની રહેણીકરણી પર પડી રહી છે. જો કે એવા અઢળક શિક્ષકો પણ છે જેઓ માત્ર નોકરીના ભાગરૂપે જ નહી પરંતુ સુવિધાથી વંચિત રહી જતા બાળકો સુધી શિક્ષણ અને સંસ્કાર મળી રહે તે પોતાની જવાબદારી હોવાનું સમજી તે માટે બનતા પ્રયાસો કરતાં હોય છે. ગાંધીનગરના આવા જ એક યુવા શિક્ષક છે જેઓ પોતાના શિક્ષક દાદાના સંસ્કારોને અનુસરીને તથા પિતાના પ્રતિબદ્ધતાના ગુણોને અપનાવીને દક્ષિણ ગુજરાતના અત્યંત અંતરિયાળ સીમાવર્તી વિસ્તારના વનવાસી પરિવારોના બાળકોને શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન કરી રહ્યાં છે.

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામના હસ્તે જેમને વર્ષ ૨૦૦૨ માં રાષ્ટ્રીય નવીનીકરણ પ્રતિષ્ઠાનના ઉપક્રમે ખેતીવાડીમાં ઉપયોગી સંશોધન બદલ રાજ્યમાં પ્રથમ ક્રમે સંશોધક તરીકે એવોર્ડ તથા સવા લાખ રૂપિયાનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો તેવા સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના ગઢા ગામના ખિમજીભાઈ કાનડિયાના પૌત્ર ૩૨ વર્ષિય ચિદવિલાસ કાનડીયા વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં મહારાષ્ટ્રની સીમા નજીકના નાની પલસાણ ગામે ધોરણ ૬ થી ૮ ના વિદ્યાસહાયક તરીકે ફિક્સ પગારથી ફરજ બજાવે છે. ચિદવિલાસના પિતા દિનકરભાઈ કાનડિયા ગાંધીનગર ખાતે માર્ગ અને મકાન વિભાગમાં નોકરી કરતા હતા અને સેક્ટર-૨૩માં વસવાટ કરતા હતા જેમણે ૫૨ વર્ષે સ્વૈચ્છિક નિવૃત્તી લઈ કોન્ટ્રાક્ટરનો વ્યવસાય પસંદ કર્યો છે. દિનકરભાઈ જ્યારે ૩૫ વર્ષની વયના હતા ત્યારે તેમનું વજન ૧૦૫ કિલો જેટલુ થઈ જતા તેમના પિતાએ કરેલી ટકોર તેમના કાળજે એવી લાગી હતી કે તેમણે વ્યાયામને અપનાવ્યો અને સેક્ટર-૨૩ ના બગીચામાં નિયમિત દોડી દોડીને પગદંડી પાડી દીધી હતી. આ સાથે તમણે યોગને શીખી પોતાના વજનને નિયંત્રિત કર્યુ હતુ તે પછી તેમને યોગની એવી લગની લાગી કે મહેનત કરીને યોગ શિક્ષક બની ગયા અને વિના મૂલ્યે યોગ શિબિરો યોજવાનું શરૂ કરી દીધુ. આવી જ પ્રતિબદ્ધતા ચિદવિલાસમાં પણ જોવા મળી જ્યારે તેઓ આદિવાસી વિસ્તારની શાળામાં ચારેક વર્ષ પૂર્વે નોકરીએ લાગ્યાં અને તેમણે આ વિસ્તારના બાળકોની દુર્દશા જોઈ હતી.



નાની પલસાણા ગામ પાસેથી વહેતી દમણ ગંગા નદીના સામેના છેડે મહારાષ્ટ્રની સીમા આવી જાય તેવા ડુંગરિયાળ વિસ્તારમાં જ્યાં રહેતા વનવાસીઓ જુદા જુદા ટેકરાઓ પર છુટા છવાયાં ઝુંપડા બાંધીને રહેતા હોય અને ઘણા વિસ્તારોમાં તો બાઈક પણ જઈ ન શકે, માત્ર પગપાળાં જઈને એક બે ડુંગર ઓળંગો ત્યારે ઘર આવે તેવા પરિવારોના બાળકો શાળામાં માત્ર મધ્યાહન ભોજનથી જ આકર્ષાઈને આવે પરંતુ તેઓ દિવસોથી નહાયાં પણ ના હોય કે શરીર પર સ્વચ્છ કે પુરતાં કપડાં પણ ના હોય. એકવાર એક બાળકને શાળાની નજીક મળ ત્યાગ કરીને પછી નજીકમાં ઉગેલા ઘાસ પાંદડાથી સફાઈ કરતો જોઈને ચિદવિલાસ હચમચી ગયા અને તેમણે આ બાળકોને સ્વચ્છતા બાબતે જાગૃત કરવાનું બીડું ઝડપી લીધુ. બાળકોને તેમણે નખ કાપવા, વાળ કપાવવા, સ્વચ્છ કપડાં પહેરવા અને નિયમિત સ્નાન કરવા અંગે પ્રેરિત કરવાનું શરૂ કરવા સાથે દર મહિને એકાદવાર પોતાના ઘરે પત્નિ નીલમબેનની મદદથી બનાવેલ પાંઉભાજી, બટાકા પૌઆ કે ભેળ જેવી ચટાકેદાર વાનગીઓ જે બાળકોએ ક્યારેય જોઈ નહોતી તે ખવડાવવાનું શરૂ કર્યુ. તેઓ વાલી મીટીંગ માટે દુર્ગમ વિસ્તારોમાં ફરી ફરીને બાળકોને ઘરે જતાં અને વાલીઓને બાળકોને ભણવા દેવા માટે સમજાવતા કેમકે આ વિસ્તારમાં જ્યારે બાળક ધો. ૭ પુરૂ કરે એટલે ૪૫ કિમી દૂર નાસિક ખાતે મા-બાપ સાથે મજૂરી કરવા ઉપડી જતુ હતુ. તેમણે બાળકોને યોગ શિખવાડી સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કર્યા એટલુ જ નહી ક્યારેક પોતાની કારમાં લઈ જઈને નૈસર્ગિક સ્થળો પર પિકનિક પણ કરાવતા હતા. કોરોના લોકડાઉન દરમ્યાન તેઓ



બાળકોના ઘરે ઘરે જઈને નાના નાના ગૃપમાં તેમના ઘરની આસપાસમાં જ અભ્યાસ કરાવતા હતા.

નાની પલસાણની શાળામાં નજીકના શામરપાડા અને રોહિયાળ જંગલ વિસ્તારના મળીને અંદાજે સવા બસ્સોથી વધુ બાળકો આવતા હતા. જેઓ હવે ધો૦૮થી આગળ પણ ભણવા લાગ્યાં હતા. પોતાના સાથી શિક્ષકો સાથે ૮૦ કિમી દૂર વલસાડથી અપડાઉન કરતા ચિદ વિલાસે જ્યાં મોબાઈલ ટાવરના સિગ્નલ કે વાલી પાસે સ્માર્ટ ફોન ઉપલબ્ધ જ ના હોય તેવા બાળકોનું શિક્ષણ કોરોના કાળમાં અટકવા દીધું નથી. એટલું જ નહીં, તેમની ખંડેર જેવી સ્કૂલ જેમાં ચોમાસામાં તો સતત પાણી ટપકતું હોય તેમાં પોતાના વર્ગખંડોને ગાંઠના ખર્ચે કલર કરાવી, પડદા લગાવીને બેન્ચ રીપેર કરાવી સજાવતા. જેથી બાળકોને અભ્યાસ કરવા આવવું ગમે. આજે તેમની આ ધગશને કારણે બાળકોમાં જ નહીં પરંતુ આ વિસ્તારના વનવાસી વાલીઓમાં પણ પરિવર્તન જોવા મળી રહ્યું છે અને હવે પોતાના બાળકોને હોંશે હોંશે શાળાએ મોકલી રહ્યા છે.

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

## જન્મદિને વધામણી


મંગળદાસ કે પટેલ
મો. ૮૩૨૦૦ ૯૪૭૮૮


અશોક કે પટેલ
મો. ૯૯૨૪૧ ૨૮૩૫૫


દિલીપ પ્રવિણચંદ્ર કુચારા


લીનાબેન મહેતા
સેક્રેટરી, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર જિલ્લા શાખા
મો. ૯૪૨૭૫ ૨૨૭૩૩


કલાવતીબેન ચતુરભાઈ સોલંકી
મો. ૯૯૯૮૬ ૯૦૫૯૫


નિકુંજ ભરતભાઈ જાની


પૃથિલ આર ગજ્જર
મો. ૮૪૬૯૯ ૫૮૭૧૭


રોહન ડી ગોહેલ
મો. ૬૩૫૧૮ ૦૭૮૭૨


શુભમસિંહ ભરતસિંહ વાઘેલા


નવ્યા હેમંત દવે
મો. ૯૯૯૮૭ ૨૨૩૪૪